
# સરકારી કાર્યક્રમોમાં મોડાસાના ધારાસભ્યની સતત અવગણના

## સરકારી અધિકારીઓ દ્વારા પ્રોટોકોલનો ભંગ કર્યાનો સમર્થકોનો આક્ષેપ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા યોજાતા જિલ્લા અને તાલુકા કક્ષાના સરકારના કાર્યક્રમોમાં મોડાસાના ધારાસભ્યની સતત અવગણના કરી પ્રોટોકોલનો ભંગ કરવામાં આવી રહ્યો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની જનતાએ લોકપ્રતિનિધિ તરીકે રાજેન્દ્રસિંહ ઠાકોરને પસંદ કર્યા હતા. મોડાસાની જનતાએ જંગી બહુમતીથી રાજેન્દ્રસિંહ ઠાકોરને મોડાસાના ધારાસભ્ય તરીકે વિજય અપાવ્યો હતો. અરવલ્લી જિલ્લાના અમલમાં આવ્યા પછી ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોમાં સતત અવગણના કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ અરવલ્લી જિલ્લાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કોઈ પણ પ્રકારનું આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું ન હતું. સરકારી અધિકારીઓ રાજ્ય સરકારના પીઠબળ હેઠળ કોઈપણ કાર્યક્રમમાં પોતે જ સર્વે સર્વા હોય તેમ અવગણના કરી રહ્યા છે. આથી ધારાસભ્યના સમર્થકોમાં રોષ ફેલાઈ રહ્યો છે. સતત અવગણનાના પગલે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે શહેરની રત્નદિપ બાલ મંદિરના પ્રાંગણમાં ધ્વજ વંદન કર્યું હતું.

## ભિલોડા તાલુકાના ઝુમસર ગામના તળાવમાં એક નવયુવાન ડુબી જતાં કરૂણ મોત નિપજ્યું

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝુમસર ગામના તળાવમાં એક નવયુવાન ડુબી જતાં કરૂણ મોત નિપજ્યુ હતું.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મુડેટી પાટીયા ગામનો નવયુવાન પ્રતાપભાઈ કનુભાઈ ઠાકોર ઝુમસર ગામના તળાવમાં મચ્છી મારવા માટે ગયો હતો તે દરમ્યાન ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં મુડેટી પાટીયા ગામના પ્રતાપભાઈ કનુભાઈ ઠાકોર, ઉંમર.વર્ષ-૨૪નું કરૂણ મોત નિપજતાં પરીવારજનોહૈયાફાટ રૂદન કરતા હતા. મુડેટી પાટીયા ગામના કનુભાઈ નાથાભાઈ ઠાકોરે ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# મોડાસા તાલુકાના દાવલી ગામે લાખો રૂપીયાના ખર્ચે બનેલ રોડ એક જ મહિનામાં તુટયો

## પ્રધાનમંત્રી સડક યોજનામાં બનેલ રોડમાં મોટા પાયે ભ્રષ્ટ્રાચારની બુ...

મોડાસા તા.૧૯

ગામડા ઓ અને શહેર ને જોડવા હેતુસર સરકાર ધ્વારા કેટલીય યોજનાઓ બહાર પાડવામાં આવે છે. પરંતુ આ યોજનાઓ કા તો લોકો સુધી પહોચતા પહેલા જ પરુી થઈ જાય છે કે અથવા તો આ યોજના અર્તગત કરવામાં આવતા કામ માં અધિકારીઓ અને કોન્ટ્રાકરો ધ્વારા મીલીભગત કરી મસ મોટો ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવે છે આ યોજનાઓમાંની એક યોજના છે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જેમાં આ યોજના અર્તગત મોડાસા તાલુકાના દાવલી ગામે લાખો રૂપીયાના ખર્ચ કરી રોડ બનાવવામાં આવ્યો હતો પરંતુ આ રોડ એક જ મહિનામાં બ્રેક ડાન્સ રોડ થઈ ગયો છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના દાવલી મુકામે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અર્તગત રોડ બનાવવામાં આવ્યો હતો. આ રોડ આ ગામના લોકોની સુખાકારી માટે બનાવવામાં આવ્યો હતો અને એક મહિના અગાઉ જ આ રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ હલકી કક્ષાની ગુણવત્તાનુ મટીરીયલ વાપરવાને કારણે આ રોડ એક જ મહિનામાં તુટી જવા પામ્યો છે અને આખા રોડ ઉપર જયાં જુઓ ત્યાં ખાડા જ ખાડા દેખાય છે. જેના કારણે સ્થાનીક વાહનવ્યહાર કરતા લોકોકને મુશ્કેલી ઉભી થવા પામી છે. જેથી ગામ લોકોની માંગ છે કે આ રોડનુ સમારકામ સત્વરે હાથ ધરવામાં આવે અથવા તો રોડ નવો બનાવાવમાં આવે જો આમ નહી કરવામાં આવે તો ગામ લોકો ને રોડ ઉપર ઉતરવાની ફરજ પડશે તેવુ ગામના સ્થાનીક વાસુભાઈ એ જણાવ્યુ હતુ.

લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે એક મહિના અગાઉજ સરકારે લાખો રૂપીયા ખર્ચીને ૩ કી.મી. જેટલો રોડ બનાવવામાં આવ્યો છે અને એકજ મહીનામાં આ રોડ તુટી જાય એટલે કોન્ટ્રાકટર અને સરકારી કર્મચારીઓની મીલીભગતના કારણે કોન્ટ્રાકટર ધ્વારા હલકી કક્ષાનુ મટીરીયલ વાપર્યુ હોય તેવુ દેખાઈ રહયુ છે.

# હિંમતનગર, ઈડર અને ઉંછામાંથી જુગાર રમતા ૨૬ જુગારીઓ ઝડપાયા

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાંથી રવિવારે ૧૧ જુગારીઓ અને ઈડરમાંથી ૭ જુગારીઓ મળી કુલ ૧૮ જુગારીઓ ૫૦ હજારની રોકડ અને પ્રાંતિજના ઉંછા ગામની સીમમાંથી ૮ જુગારીઓ ૧૭ હજાર રોકડ સહીત ૧.૫૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. આ અંગે હિંમતનગર એ ડીવીઝન અને ઈડર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હિંમતનગર એ ડીવીઝન પોલીસે રવિવારે સાંજે મોર્ડન હાઈસ્કૂલ નજીક ખુલ્લામાં જુગાર રમતા ૧૧ જુગારીઓને રંગેહાથ જુગાર રમતા ગંજીફાના પાના સાથે પકડી પાડ્યા હતા. પોલીસે તમામ ૧૧ને પકડી પાડી તેમની પાસેથી રોકડ રૂ. ૩૫ હજાર કબજે લી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે ઈડરમાં કસ્બા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૭ જુગારીઓને ઝડપી પાડી તેમના પાસેથી રોકડ રૂ. ૧૫ હજાર ૧૦૦ કબજે લઈ તમામ ૭ વિરૂદ્ધ ઈડર પોલીસમથકે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે પ્રાંતિજ તાલુકાના ઉંછા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૮ જુગારીઓને પ્રાંતિજ પોલીસે ૧૭ હજાર ૭૦૦ રોકડ, ૭ મોબાઈલ અને ૪ બાઈકો સહીત ૧.૫૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભિલોડા તાલુકાના બુઢેલી ગામની હાઈસ્કુલમાં તસ્કરો ત્રાટક્યા

ભિલોડા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બુઢેલી ગામની હાઈસ્કુલમાં તસ્કરો ત્રાટક્યા. રૂા.૧૯,૦૦૦/-ના માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. બુઢેલી હાઈસ્કુલમાં અજાણ્યા ચોર ઈસમોએ કોમ્પ્યુટર રૂમ, ઓફીસ રૂમના તાળા અને સેન્ટ્રલ લોક તોડી રૂમોની અંદર પ્રવેશ કરી મોનીટર નંગ-૨, એલ. સી. ડી. ટી.વી. નંગ-૧ કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧૯,૦૦૦/-છે. બુઢેલી હાઈસ્કુલમાં ચોરીના બનાવ સંદર્ભે રમણભાઈ પ્રભાભાઈ પટેલે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## માલગઢમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ડીસા તાલુકાના સૌથી મોટા માલગઢ ગામે આવેલ જોધપુરીયા ઢાંણીમાં ભૈરવધામ મંદિર ઉપર શ્રી ભૈરવ યંગ બોયઝ ગૃપ દ્વારા તેમજ સમસ્ત માલગઢના ગ્રામજનો દ્વારા રવિવારે રાત્રે ૧૮મો શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં રવિવારે રાત્રીના સમયે ભૈરવધામ ખાતે ગાયક તરીકે હર્ષ માળી એન્ડ પાર્ટી (બાલોતરા) અને ગાયિકા તરીકે માધુરી વૈષ્ણવે મોડી રાત સુધી 'એક શામ રાધે કૃષ્ણ કે નામ' પર ડાયરાની રમઝટ બોલાવી હતી. જ્યારે સોમવારે સવારે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું તેમજ બપોરે વિશાળ શોભાયાત્રા ભૈરવ ધામથી નીકળી માલગઢ ગામના મુખ્ય માર્ગો પર ફરી હતી. અનોખી પરંપરા મુજબ નોમના દિવસે ગોવિંદા ટોળકીઓએ નવ મટ્ટકીઓ ફોડી 'જય રણછોડ-માખણ ચોર'ના નાદથી સમગ્ર વાતાવરમ ગજવી મુક્યું હતું. શોભાયાત્રામાં ગ્રામજનો સહિત આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તાજપુર પાસે કારની ટક્કરે રાહદારીનું કરૂણ મોત

તાજપુર પાટીયા પાસે ગત મોડી સાંજે પુરપાટ ઝડપે દોડી આવતી એક કારના ચાલકે રાહદારીને પાછળથી જોરદાર ટક્કર મારતા રાહદારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ તાલુકામાં સ્થિત તાજપુર પાટીયા પાસેથી તાજપુર ગામનો જ યુવાન સેધાભાઈ પ્રહલાદભાઈ રાવલ (ઉ.વ.૨૫) માર્ગની પાસેથી ચાલતો પસાર થઈ રહ્યો હતો. દરમિયાન હિંમતનગર-અમદાવાદ માર્ગ પરથી જીજે-૧-આર.એ.૨૩૯ નંબરની કાર પસાર થઈ રહી હતી. કારચાલકે અચાનક જ કાર પરનો કાબુ ગુમાવી માર્ગ પર પસાર થતા રાહદારીને પાછળથી જોરદાર ટક્કર મારતા રાહદારી માર્ગની પાસે ફંગોળાઈ ગયો હતો. આથી રાહદારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કરૂણ મોત થવા પામ્યું હતું. પોલીસને જાણ થતા પોલીસે બનાવ સ્થળે આવી કારચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લાના શામળાજી મંદીરે ભગવાનશ્રી કૃષ્ણના જન્મની ધામધુમથી ઉજવણી કરવામાં આવી

મોડાસા તા.૧૯

અરવલ્લી જીલ્લા ના શામળાજી ખાતે આવેલ પવિત્ર મંદરી માં ભગવાન શ્રી કૃષ્ણ ના જન્મ ની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી હતી ભગવાન શ્રી કૃષ્ણ ના જન્મ ને ઉજવવા માટે શામળાજી મંદીર ખાતે હજારો ભકતો ની ભીડ ઉમટી પડી હતી અને ભગવાન ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાના ભીલોડા તાલુકાના શામળાજી ખાતે પવિતર જન્માષ્ટમીના તહેવારે આજે શામળાજી મંદીર ખાતે ભગવાન શ્રી કૃષ્ણના જન્મ દિનની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર મંદીરને આસોપલવ અને કેળાના પાનથી શણગારવામાં આવ્યુ હતુ. જયારે સમગ્ર દિવસ દરમ્યાન કુલ પાંચ વખત આરતી કરવામાં આવી હતી અને સમગ્ર શામળાજીને રોશનીથી શણગારવામાં આવ્યુ હતુ અનેસમગ્રદર્શનાથી શાંતીપુર્વક ધગવાન શામળીયાના દર્શન કરે તેમાટે તે માટે ટ્રસ્ટ ધ્વારા સંપુર્ણ આયોજન કરવામાં આવ્યુ હતુ તેમજ મંદિરના યુવક મંડળ ધ્વારા અનેક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવયુ હતુ.

# હિંમતનગરમાં તસ્કરો ત્રાટકયા બંધ મકાનમાંથી એક લાખની મત્તાની ચોરી

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ લક્ષ્મી વિહાર સોસાયટીમાં શનિવારે રાત્રીના તસ્કરો ત્રાટકયા હતા અને બંધ મકાનને નિશાન બનાવીને રૂ. ૧ લાખની મત્તાની ચોરી કરી લઈ જતા હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે રવિવારે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ શનિવારે રાત્રિના લક્ષ્મી વિહાર સોસાયટીમાં બંધ મકાન ૧૬ નંબરમાં તસ્કરો ત્રાટકયા હતા અને મકાનનું દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી ૪૫ હજાર રોકડા, બે તોલાનું મંગળસૂત્ર, બે લેપટોપ મળી કુલ રૂ. એક લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા જે અંગે રવિવારે દિપેશકુમાર નરસિંહભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.



## સાબરકાંઠા જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઈડર મુકામે યોજાયો

સાબરકાંઠા જિલ્લામાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઈડર મુકામે ઉજવણી કરવામાં ાવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીએ જિલ્લા કલેક્ટરના હસ્તે જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષએ માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં ૯૬.૧૨ ટકા સાથે સમગ્ર જિલ્લામાં ગ્રેવીટી સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થી પ્રકાશ દરજી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જે બદલ જિલ્લા કલેક્ટર બંછાનિદિ પાની અને ડી.ડી.ઓ. નાગરાજનના હસ્તે પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી પુરસ્કાર પ્રાપ્ત કરી શાળા અને જિલ્લાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીને શાળાના ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, આચાર્ય એન. જે. દેવડા તેમજ કેમ્પસ ડાયેર્કટર હરિહર પાઠકે અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# જન્માષ્ટમી પર્વે પાલનપુર હિલોળે ચઢયું

પાલનપુર, તા.૧૯

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની પાલનપુર શહેરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.



શહેરના માર્ગો પર ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આતશબાજી અને ડી.જે.ના તાલ સાથે જય રણછોડ માખણ ચોરના નાદ સાથે કૃષ્ણ ભકતોથી આખું પાલનપુર હિલોળે ચઢયું હોય તેવો અલૌકીક માહોલ સર્જાયો હતો.

જન્માષ્ટમી પર્વે શહેરના બ્રિજેશ્વર કોલોની, મંદિરેથી ઉત્સવ સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહીની જેવા સંગઠનો તેમજ ધર્મપ્રેમીઓના સહયોગથી વિશાળ શોભાયાત્રા યોજવામાં આવી હતી. શણગારેલા અશ્વો, ઉંટલારીઓ, ટ્રેકટરોમાં ભજન મંડળીઓ, વિવિધ વેશભૂષામાં સજજ ભૂલકા અને કૃષ્ણ લીલાની ઝાંખીઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ઠેર ઠેર લીંબુ શરબત અને પાણી સાથે પ્રસાદીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રામાં સંત અમરદાસજી મહારાજ, દિનેશ મહારાજ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

## અરવલ્લી જિલ્લાની પ્રથમ વર્ષગાંઠે સંગીત-સંધ્યા કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાની રચનાને એક વર્ષ પરિપૂર્ણ થતાં વિવિધ સાંસ્કૃતિક તેમજ સંગીત સંધ્યાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. અરવલ્લી જિલ્લાના જન્મ દિવસ નિમિત્તે મોડાસાના ટાઉનહોલ ખાતે સંગીત-સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દેશભક્તિ તથા જુના ગીતો રજુ કરવામાં આવ્યા હતા. મોડાસા શહેરના ડોક્ટરમિત્રો, કોર્પોરેટ મિત્રો તેમજ આમ નાગરિકો દ્વારા વિવિધ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. સંગીત સંધ્યા કાર્યક્રમાં ઉપસ્થિત કલેક્ટર બી.જે. ભટ્ટ દ્વારા પણ ખૂબ જ સરસ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લાના વહિવટીતંત્ર અને મોડાસા નગર પાલિકા દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાયબ કલેક્ટર આનંદ આચાર્ય તથા મામલતદાર સકસેનાજીએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોડાસાના જાણીતા સંગીતપ્રેમી અને સંગીતને પીઠબળ પુરૂ પાડતા સુરેશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦